જા.નં./મા-૨/એવોર્ડ/૨૦૨૧/612।

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
એ/૩ જીલ્લા સેવા સદન-૨
અઠવાલાઈન્સ, સુરત.
તા.૦૭/૦૬/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/બિન સરકારી અનુદાનિત,
પ્રાથમિક,માધ્યમિક,ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તરફ...

વિષય :- શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક -૨૦૨૧ માટેની દરખાસ્ત બાબત.
સંદર્ભ :- (૧) પ્રા.શિ.નિયામકશ્રીનાપત્રક્રમાંક : પ્રાશિનિ/જ/રાજ્યએવોર્ડ/૨૦૨૧/૨૦૫૬-૨૧૯૦ તા.૦૩/૦૫/૨૦૨૧
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પીઆરઈ/૧૧૨૦૧૯/સીફા-૧૩/ક, તા.૨૫/૦૬/૨૦૧૯

સવિનય સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવા માટે તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક-૨૦૨૧' આપવા માટેની પસંદગી પ્રક્રિયા અને તેનું માળખું સંદર્ભ-૨થી ઘડવામાં આવેલ છે. સદર માળખા મુજબ પારિતોષિક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જે આ સાથે સામેલ રાખેલ છે.

સંદર્ભ-૧થી મળેલ સુચના અન્વયે આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શાળામાં હાલ શૈક્ષણિક કાર્ય કરતા શિક્ષકો, મુખ્ય શિક્ષકો, મદદનિશ શિક્ષકો, સી.આર.સી./બી.આર.સી., કેળવણી નિરીક્ષક, અને એચ.ટાટ.આચાર્યની શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટેની નિયત નમૂના મુજબની દરખાસ્ત તા.૩૧/૦૫/૨૦૨૧ સુધીમાં નીચે મુજબની કચેરીમાં જાણકાર કર્મચારીએ રૂબરૂમાં જમા કરાવવાની રહેશે.

| ક્રમ | દરખાસ્તની વિગત | દરખાસ્ત જમા કરાવાનું સ્થળ |
|---|---|---|
| ૧ | સરકારી/બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાનાં શિક્ષકો/આચાર્યો અને મદદનિશ શિક્ષક નિરીક્ષકની દરખાસ્તો. | જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત |
| ૨ | દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી/બિન સરકારી અનુદાનિત સંસ્થાઓનાં શિક્ષકોની દરખાસ્તો. | |
| ૩ | સરકારી/બિન સરકારી અનુદાનિત પ્રાથમિક શાળાના શિક્ષકો, આચાર્ય, સી.આર.સી., બી.આર.સી., કેળવણી નિરીક્ષક/ એચ.ટાટ આચાર્ય/ મુખ્ય શિક્ષકની દરખાસ્ત. | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી, સુરત |

બિડાણ: ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

નકલ સવિનય રવાના :-

- પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરત
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, સુરત (જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા)
- શાસનાધિકારીશ્રી, સુરત (તાબાના કર્મચારીઓને જાણ કરવા અને જરૂરી કાર્યવાહી કરવા)
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર કચેરી, એસ.એસ.એ., સુરત (જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા)